# બિનસરકારી અનુદાનિત માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રીયા વર્ષ-૨૦૨૧ Waiting Phase-2ના List- Cમાં સમાવિષ્ટ અનામત કેટેગરીના ઉમેદવારો માટે ઓનલાઈન શાળા પસંદગી અંગેની સૂચનાઓ

- બિનસરકારી અનુદાનિત માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રીયા વર્ષ-૨૦૨૧ અન્વયે બિન અનામત કેટેગરીની જગ્યાઓ સામે વિષયવાર પસંદ થનાર ઉમેદવારોના ટાટ નંબરની યાદી (List-A), ભરતી પ્રક્રિયામાંથી બાકાત થનાર ઉમેદવારોના ટાટ નંબરની યાદી (List-B), અનામત કેટેગરીના તેવા ઉમેદવારો કે જેઓનું મેરીટ જનરલની કટ ઓફથી નીચું છે તથા તેઓને અનામત કેટેગરીની જગ્યાઓ પર પસંદગી આપવાની રહે છે તેવા ઉમેદવારોના ટાટ નંબરની યાદી (List-C) તેમ ત્રણ પ્રકારની યાદી તા.૨૮/૧૦/૨૦૨૨ના રોજ વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.
- સંબંધિત ઉમેદવારોને આ અંગેની જાણ SMS થી પણ કરેલ છે.
- Waiting Phase-2ના List- C માં સમાવિષ્ટ ઉમેદવારોએ હાલ સબબ જે તે વિષયની સંબંધિત અનામત કેટેગરીની ખાલી જગ્યાઓ સામે ઓનલાઈન શાળા પસંદગી આપવાની રહેશે.
- Waiting Phase-2ના List- C માં સમાવિષ્ટ ઉમેદવારો તા.૨૮/૧૦/૨૦૨૨ના રોજ સાંજે ૫.૦૦ કલાકથી તા.૨૯/૧૦/૨૦૨૨ ના રોજ બપોરે ૩.૦૦ કલાક સુધી વેબસાઈટ www.gserc.in પર પોતાની ઓનલાઈન શાળા પસંદગી આપી શકશે.
- Waiting Phase-2ના List- C માં સમાવિષ્ટ ઉમેદવારો પૈકી ઓનલાઈન શાળા પસંદગી ન આપનાર ઉમેદવાર ભરતી પ્રક્રિયા અન્વયે પોતાનો હક્ક જતો કરવા ઇચ્છે છે તેમ માની તેઓને ભરતી પ્રક્રિયામાંથી બાકાત રાખવામાં આવશે. જેની સંબંધિતો ખાસ નોંધ લેવી.
- સદર પ્રક્રિયા SCA No.3578/21,5784/21,3226/21, 4887/21 તથા અન્ય ભરતી સંબંધિત કોર્ટ કેસોના અંતિમ ચુકાદાને આધિન રહેશે તથા આ ચુકાદાઓ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.
- Waiting Phase-2ના List- C માં સમાવિષ્ટ થવાથી કે Online શાળા પસંદગી આપવાથી ઉમેદવારનો નોકરીનો હક્ક પ્રસ્થાપિત થઇ જતો નથી. તેની નોંધ લેશો.
- ઓનલાઈન શાળા પસંદગી આપવા માટે, .....................................
  - ઉમેદવાર વેબસાઈટ www.gserc.in પર જઈ Apply for Secondary Grant-in-aid વિકલ્પ ક્લીક કરવાનો રહેશે.
  - જે ક્લીક કરતા ખૂલેલ ચેકબોક્સમાં ઉમેદવારે પોતાનો ટાટ નંબર, જન્મતારીખ પાસવર્ડ અને ફિક્સ Captcha Code નાખી લોગઈન થવાનું રહેશે.
  - લોગઈન થતાં સ્ક્રીન પર જિલ્લાઓના નામ હશે જેને આપે આપની પસંદગીના ક્રમમાં ગોઠવવાના રહેશે અને ત્યારબાદ save next બટન કલીક કરતાં આપના બોક્ષમાં આપે જિલ્લાઓ જે ક્રમમાં પસંદ કર્યા હશે તે ક્રમમાં જે તે જિલ્લાની આપના વિષયની આપની કેટેગરીની આપને મળવાપાત્ર જગ્યાઓની યાદી આપને જોવા મળશે.
  - જો આપ જે તે કેટેગરીના પુરૂષ ઉમેદવાર હશો તો આપને આપના વિષય,કેટેગરીની અને મહિલા અનામત સિવાયની જગ્યાઓ જોવા મળશે તેવી જ રીતે જો આપ મહિલા ઉમેદવાર હશો પરંતુ આપે મહિલા અનામતની જગ્યા પર જવાનો વિકલ્પ નહીં આપ્યો હોય અને PML-2માં આપના નામ સામે is female option માં No હશે તો આપને પણ મહિલા અનામત સિવાયની જગ્યાઓ જ જોવા મળશે. મહિલા અનામતની જગ્યા પર વિકલ્પ આપનાર મહિલા ઉમેદવારોને જે તે અનામત સંવર્ગની તમામ જગ્યાઓ જોવા મળશે.
  - આ રીતે શાળાઓની યાદી જોવા મળ્યાં બાદ આપે આ શાળાઓને આપના પસંદગીના ક્રમમાં ગોઠવવાની છે. જેમાં જે તે શાળા પર કલીક કરતા તે શાળા આપોઆપ સામેના બોક્ષમાં ગોઠવાઇ જશે. આપની ઇચ્છાનુસાર શાળાઓને પસંદગીના ક્રમમાં ગોઠવ્યા બાદ આપે save બટન કલીક કરવાનું રહેશે જે કરવાથી આપની શાળા પસંદગી વેબસાઈટ પર રજીસ્ટર્ડ થઇ જશે. પરંતુ પસંદગી આપ્યા બાદ જો ઉમેદવારને એવુ લાગે કે તેઓએ આપેલ પસંદગીમાં કોઇ ક્ષતિ રહી છે અને તેઓ કોઇ ફેરફાર કરવા માંગે છે તો screen પર Reset District અને Reset Schools નુ બટન દબાવી તેઓ પોતાની પસંદગી પુનઃ આપી શકશે.

- આ અગાઉ ડોકયુમેન્ટ વેરીફિકેશન વખતે આપને ભરતી સબંધી ખાસ તો શાળા પસંદગી બાબતે એક પત્ર આપ્યો હતો જેનો આપે અભ્યાસ કરેલ જ હશે. તદનુસાર આ ભરતી પ્રક્રિયામાં આપે ૧૦૦ % શાળાઓની પસંદગી કરવી એવું ફરજિયાત નથી. આપ એક કે એકથી વધુ શાળા અને વધુમાં વધુ બધી જ શાળાઓ પસંદ કરી શકશો પરંતુ અગાઉ આપેલ પત્રમાં જણાવ્યા મુજબ આપે શાળા પસંદગી ખૂબ જ કાળજીપૂર્વક કરવી જરૂરી છે. ઉદાહરણ તરીકે જો કોઇ ઉમેદવાર મર્યાદિત સંખ્યામાં શાળાઓ પસંદ કરે છે અને તેણે પસંદ કરેલી શાળાઓ મેરીટ કમ પ્રેફરન્સમાં તેઓનાથી ઉંચા ઉમેદવારને મળી જાય તો તેવા કિસ્સામાં તે ઉમેદવારને એકપણ શાળા મળશે નહીં અને પસંદગી યાદીમાં તેનુ નામ આવશે નહીં જેની જવાબદારી જે તે ઉમેદવારની રહેશે.
- આમ આ તમામ બાબતોને યોગ્ય રીતે સમજી ખૂબ જ કાળજી પૂર્વક શાળા પસંદગી આપવી.
- ઉમેદવારો પોતાની શાળા પસંદગીમાં શાળા પસંદગી આપવાની છેલ્લી તા.૨૯/૧૦/૨૦૨૨ ના રોજ બપોરે ૩.૦૦ કલાક સુધી ફેરફાર કરી શકશો. પરંતુ તા.૨૯/૧૦/૨૦૨૨ ના રોજ બપોરે ૩.૦૦ કલાકે આપે જે શાળા પસંદગી આપેલ હશે તેને અંતિમ માની સોફ્ટવેર ઓટો સબમીટ આપી દેશે અને તદનુસાર આપના મેરીટ મુજબ આપને સોફ્ટવેર ઓનલાઈન શાળા ફાળવણી કરવામાં આવશે. પરંતુ આપ શાળા પસંદગી કરતાં પહેલા આપના પસંદગીના જિલ્લાઓ અને પસંદગીની શાળાઓની યાદી અલગથી એક કાગળ પર કરી લઈ તે મુજબ Online જિલ્લા પસંદગી અને શાળા પસંદગી આપી વારંવાર બદલવાના બદલે તેને કાયમી રાખશો તો તે આપના માટે હિતાવહ રહેશે.
- **જે ઉમેદવારો હાલ સરકારી/ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં કાર્યરત શિક્ષકો હોય "તેઓ સદર ભરતી પ્રક્રીયા અન્વયે તેઓને મેરીટ કમ પ્રેફરન્સના ધોરણે ફાળવવામાં આવનાર કોઈપણ શાળામાં હાજર થશે અને જો હાજર નહીં થાય તો બાળકોના શૈક્ષણિક કાર્ય સુધારણાના હેતુ થી સરકારશ્રી દ્વારા હાથ ધરવામાં આવેલ ભરતી પ્રક્રીયાની સુચારૂ કાર્યવાહીમાં અવરોધ ઉભો કરવા તેમજ બેરોજગાર ઉમેદવારોને રોજગારીની તકથી વંચિત રાખી સરકારશ્રીના શિક્ષિત નાગરીકોને રોજગારી પુરી પાડવાના લક્ષમાં અવરોધ ઉભો કરવા બદલ તેઓ પોતાના માસિક પગાર માંથી ૫,૦૦૦/- રૂ.૪૦ માસ માટે એમ કુલ ૨,૦૦,૦૦૦/- રૂ. સરકારશ્રીના સંબંધિત સદરે જમા કરાવવાના રહેશે.**
- શાળા પસંદગી અંગે માર્ગદર્શક વીડીયો પણ વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે. તે વીડીયોને ધ્યાનથી નિહાળી જરૂરી સૂચનાઓ ધ્યાને લઈને જ શાળા પસંદગીની પ્રક્રિયા કરવી. જેથી શાળા પસંદગી આપતા સમયે કોઈ ક્ષતિ ન રહે.
- શાળા પસંદગીની પ્રક્રીયા પૂર્ણ થયા બાદ વિષયવાર બિન અનામત અને અનામતની વેઈટીંગ ફેઝ-૨ ની જગ્યાઓ સામે પસંદગી પામેલ ઉમેદવારોની આખરી પસંદગી યાદી અને તેઓને ફળવાયેલ શાળાઓના નામની યાદી જાહેર કરવામાં આવશે.
- ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ આપને શુભકામનાઓ પાઠવે છે.